www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'

# એકમ : 3

ભાગ - 1

## તત્ત્વોનું વર્ગીકરણ અને ગુણધર્મોમાં આવર્તિતા

### વ્યાખ્યા :

| | |
|---|---|
| ઈલક્ટ્રોન રચના | : પરમાણુમાં ઈલક્ટ્રોનના વિતરણ (ગોઠવણી)ને ઈલેક્ટ્રોન રચના કહે છે. |
| સમૂહ | : આવર્ત કોષ્ટકમાં રહેલા તત્ત્વોના ઉભા સ્તંભને સમૂહ કહે છે. |
| આવર્ત | : આવર્ત કોષ્ટકમાં રહેલા તત્ત્વોની આડી રહોળને આવર્ત કહે છે. |
| પરમાણ્વીય(સહસંયોજક)ત્રિજ્યા | : સહસંયોજક દ્વિ-પરમાણુક અણુમાં બે પરમાણુના કેન્દ્રો વચ્ચેના સરેરાશ અંતરના અડધા મૂલ્યને પરમાણ્વીય ત્રિજ્યા કહે છે. |
| ધાતુ પરમાણુ ત્રિજ્યા | : ધાત્વીય સ્ફટિકમાં પાસપાસેના બે પરમાણ્વીય કેન્દ્રો વચ્ચેના સરેરાશ અંતરના અડધા મૂલ્યને ધાતુ પરમાણુની ત્રિજ્યા કહે છે. |
| આયનીકરણ એન્થાલ્પી | : વાયુરૂપ તટસ્થ પરમાણુમાંથી ઈલેક્ટ્રોન દૂર કરી ધન આયન બનાવવા માટે જરૂરી ન્યૂનતમ ઉર્જાને આયનીકરણ એન્થાલ્પી કહે છે. ($\Delta_i H$ : kJ $mol^{-1}$) |
| ઈલેક્ટ્રોન પ્રાપ્તિ એન્થાલ્પી | : વાયુરૂપ તટસ્થ અણુમાં એક ઈલેક્ટ્રોન દાખલ કરી ઋણ આયન બનાવવા માટે થતો એન્થાલ્પી ફેરફાર ઈલેક્ટ્રોન પ્રાપ્તિ એન્થાલ્પી કહેવાય. ($\Delta_{eg} H$ : kJ $mol^{-1}$) |
| વિદ્યુતઋણતા | : રાસાયણિક સંયોજનમાંના સહસંયોજક બંધમાંના સહિયારા ઈલેક્ટ્રોનને પોતાની તરફ આકર્ષવાની પરમાણુની ક્ષમતાને વિદ્યુતઋણતા કહે છે. |
| ઓક્સિડેશન અવસ્થા | : તટસ્થ પરમાણુના પરમાણ્વીય ક્રમાંકની સાપેક્ષમાં ઈલેક્ટ્રોન ગુમાવીને કે મેળવીને પરમાણુ જે વીજભાર ગ્રહણ કરે તે વીજભારની સંખ્યાને તે પરમાણુની ઓક્સિડેશન અવસ્થા (સંયોજકતા) કહે છે. |
| અનયુરેનિયમ તત્ત્વો | : યુરેનિયમ પછીના તત્ત્વો અનયુરેનિયમ તત્ત્વો કહેવાય. |
| સમઈલેક્ટ્રોનીય સ્પીસિઝ | : જે પરમાણુ કે આયનોમાં ઈલેક્ટ્રોનની સંખ્યા સમાન હોય તેને સમઈલેક્ટ્રોનીય સ્પીસિઝ કહે છે. |

### નિયમો :

| | |
|---|---|
| ડોબરેનરનો ત્રિપુટીનો નિયમ | : રાસાયણિક રીતે સમાન ગુણધર્મો ધરાવતા તત્ત્વોની ત્રિપુટીમાંના તત્ત્વોને તેમના પરમાણ્વીય દળના ચડતા ક્રમમાં ગોઠવતાં વચ્ચેના તત્ત્વનું પરમાણ્વીય દળ પહેલા અને ત્રીજા તત્ત્વના પરમાણ્વીય દળના સરેરાશ દળને લગભગ સમાન હોય છે. |
| ત્રિપુટીનો નિયમ | : ત્રિપુટીમાં રહેલ કેટલાક તત્ત્વો માટે મધ્યમાં રહેલ તત્ત્વનો પરમાણ્વીયભાર બાકીના બન્ને તત્ત્વો કરતાં અડધો હોય છે. |
| અષ્ટકનો નિયમ | : તત્ત્વોને તેમના પરમાણ્વીય દળના ચડતા ક્રમમમાં ગોઠવતાં કોઇ પણ તત્ત્વ તેનાથી આઠમા ક્રમે આવેલ તત્ત્વને સમાન વર્તણૂંક ધરાવે છે. |
| આવર્ત નિયમ | : તત્ત્વોના ગુણધર્મો તેમના પરમાણ્વીય ભારને આવર્તનીય હોય છે. |
| આધુનિક આવર્ત નિયમ | : તત્ત્વોના ભૌતિક અને રાસાયણિક ગુણધર્મો તેમના પરમાણ્વીય ક્રમાંકની સાથે આવર્તનીય હોય છે. |

### અગત્યના મુદ્દા :

| | | |
|---|---|---|
| # | જહોન ડોબરેનર | : તત્ત્વોને ત્રિપુટીમાં ગોઠવ્યાં. |
| # | એ.ઈ.બી. દ્ કાનકોર્ટોઇસ | : તત્ત્વોને તેમના પરમાણ્વીય દળના ચડતા ક્રમમાં નળાકાર રૂપે ગોઠવ્યાં, જેમાં પ્રત્યેક સાત તત્ત્વોએ તત્ત્વના ગુણધર્મોનું પુનરાવર્તન થાય છે. |
| # | જહોન ન્યુલેન્ડ | : તત્ત્વોને તેમના ભૌતિક ગુણધર્મોને (અષ્ટકના નિયમને) આધારે 11-સમૂહમાં ગોઠવી આવર્ત કોષ્ટકનું સ્વરૂપ રજૂ કર્યુ. |
| # | દ્મિત્રી મેન્ડલીફ | : તત્ત્વોને પરમાણ્વીય દળના ક્રમમાં આડી હરોળ અને ઉભા સ્તંભમાં એવી રીતે ગોઠવ્યાં કે જેથી (તેણે દર્શાવેલા આવર્ત નિયમનું પાલન થાય) તત્ત્વોના ગુણધર્મોનું પુનરાવર્તન શરૂ થાય ત્યારે આડી હરોળ અને ઉભા સ્તંભની શરૂઆત થાય. |



www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'

www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'

# # તત્ત્વોનું IUPAC નામકરણ :

| અંક | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામ | nli | un | bi | tri | quad | pent | hex | sept | oct | enn |
| ટૂંકું રૂપ | n | u | b | t | q | p | h | s | o | e |

ઉદાહરણ :

| પર.ક્રમાંક | 1 | 0 | 5 | પ્રત્યય | નામ | સંજ્ઞા | તત્ત્વ |
|---|---|---|---|---|---|---|---|
| 105 | Un | nil | pent | ium | Unnilpentium | Unp | Db = ડુબનિયમ |

## -: 101 થી 118 તત્ત્વોના નામકરણ :-

| પરમાણ્વીય ક્રમાંક | નામ | IUPAC સંજ્ઞા | IUPAC સ્વીકૃત નામ | IUPAC સંજ્ઞા |
|---|---|---|---|---|
| 101 | Un Nil Un Ium | Unu | મેન્ડેલિવિયમ | Md |
| 102 | Un Nil B Ium | Unb | નોબેલિયમ | No |
| 103 | Un Nil Tri Ium | Unt | લોરેન્સિયમ | Lr |
| 104 | Un Nil Quad Ium | Unq | રૂથરફોડિયમ | Rf |
| 105 | Un Nil Pent Ium | Unp | ડુબનિયમ | Db |
| 106 | Un Nil Hex Ium | Unh | સીબોર્ગિયમ | Sg |
| 107 | Un Nil Sept Ium | Uns | બોહરિયમ | Bh |
| 108 | Un Nil Oct Ium | Uno | હાસિયમ | Hs |
| 109 | Un Nil Enn Ium | Une | મેઇટનેરિયમ | Mt |
| 110 | Un Un Nill Ium | Uun | દરન્સ્ટાદટિયમ | Ds |
| 111 | Un Un Unn Ium | Uuu | રોન્ટિજેનિયમ | Rg |
| 112 | Un Un Bi um | Uub | કોપરનિશિયમ | Cn |
| 113 | Un Un Tri um | Unt | --- | --- |
| 114 | Un Un Quad Ium | Unq | ફ્લેરોવિયમ | Fl |
| 115 | Un Un Pent Ium | Uup | --- | --- |
| 116 | Un Un Hex Ium | Uuh | લિવરમોરિયમ | Lv |
| 117 | Un Un Sept Ium | Uus | --- | --- |
| 118 | Un Un Oct Ium | Uuo | --- | --- |

# ગુણધર્મોની આવર્તિતા :

: ધન આયનનું કદ તેના જનક પરમાણુ કરતાં ઓછું અને ઋણ આયનનું કદ તેના જનક પરમાણુ કરતાં વધારે હોય છે.

: કોઈપણ સમૂહમાં રહેલા બધા જ તત્ત્વોમાં બાહ્યતમ ઈલેક્ટ્રોન રચના સમાન હોય છે આથી આ તત્ત્વો સમાન રાસાયણિક ગુણધર્મો ધરાવે છે.

| ગુણધર્મ | સમૂહમાં ઉપરથી નીચે આવતા | આવર્તમાં ડાબેથી જમણે જતાં |
|---|---|---|
| પરમાણ્વીય ત્રિજ્યા | વધે | ઘટે |
| આયનીય ત્રિજ્યા | વધે | ઘટે |
| આયનીકરણ એન્થાલ્પી | ઘટે | વધે |
| ઈલેક્ટ્રોન પ્રાપ્તિ એન્થાલ્પી | ઓછી ઋણ | વધુ ઋણ |
| વિદ્યુતઋણતા | ઘટે | વધે |
| ઈલેક્ટ્રોન બંધુતા | ઘટે | વધે |
| ધાત્વીક ગુણ | વધે | ઘટે |
| અધાત્વીક ગુણ | ઘટે | વધે |
| સંયોજકતા | અચળ | ઘટે |
| ઓક્સાઇડની બેઝિકતા | વધે | ઘટે |
| ઓક્સાઇડની એસિડિકતા | ઘટે | વધે |



www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'

www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'

# આવર્ત કોષ્ટકની રૂપરેખા :

| વિભાગ | સમૂહ | ઈલેક્ટ્રોન રચના |
|---|---|---|
| s-વિભાગ | સમૂહ : 1, 2 | $ns^{1-2}$ |
| p-વિભાગ | સમૂહ : 13 થી 18 | $ns^2 np^{1-6}$ |
| d-વિભાગ | સમૂહ : 3 થી 12 | $(n-1)d^{1-10} ns^{1-2}$ |
| f-વિભાગ | લેન્થેનાઇડ અને એક્ટિનાઇડ શ્રેણી | $(n-2)f^{1-14} (n-1)d^{0-10} ns^2$ |

| આવર્ત | પ્રથમ તત્ત્વ | અંતિમ તત્ત્વ | તત્ત્વોની સંખ્યા | નામ |
|---|---|---|---|---|
| પહેલો | હાઇડ્રોજન | હિલિયમ | 2 | અતિ લઘુ આવર્ત |
| બીજો | લિથિયમ | નિયોન | 8 | લાક્ષણિક આવર્ત-1 |
| ત્રીજો | સોડિયમ | આર્ગન | 8 | લાક્ષણિક આવર્ત-2 |
| ચોથો | પોટેશિયમ | ક્રિપ્ટોન | 18 | પ્રથમ લાંબો આવર્ત |
| પાંચમો | રૂબિડિયમ | ઝેનોન | 18 | બીજો લાંબો આવર્ત |
| છઠ્ઠો | સિઝિયમ | રેડોન | 32 | અતિ લાંબો આવર્ત (લેન્થેનાઇડ શ્રેણી) |
| સાતમો | ફ્રાન્સિયમ | ? | અધૂરો | અધૂરો આવર્ત (એક્ટિનાઇડ શ્રેણી) |

## આવર્તિ વલણો :

| ગુણધર્મ | સમૂહમાં ઉપરથી નીચે આવતા | આવર્તમાં ડાબેથી જમણે જતાં |
|---|---|---|
| પરમાણ્વીય ત્રિજ્યા | વધે | ઘટે |
| આયનીય ત્રિજ્યા | વધે | ઘટે |
| આયનીકરણ એન્થાલ્પી | ઘટે | વધે |
| ઈલેક્ટ્રોનપ્રાપ્તિ એન્થાલ્પી | ઘટે | વધે |
| વિદ્યુતઋણતા | ઘટે | વધે |
| ધાત્વીક ગુણ | વધે | ઘટે |
| અધાત્વીક ગુણ | ઘટે | વધે |



www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન' www.mkmistry.blogspot.in 'રસાયણજ્ઞાન'